# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે....

દુનિયાની જૂઠી વાણી વિષે જો દુઃખ વસે છે,
જરાએ અંતરે આનંદ ના ઓછો થવા દેજેપ

કચેરીમાંહિ કાજીનો નથી હિસાબ કોડીનો,
જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે....

- બાલાશંકર કંથારિયા

## પાથેય

- રમેશ ઠક્કર

### જગતકાજી થવાનો અભરખો.

માણસની જિંદગીમાં સવારથી સાંજ સુધીનો સમય મોટાભાગે રૂટિન બાબતો પાછળ ખર્ચાઈ જતો હોય છે.વાસ્તવિકતાની માયાજાળ એવી અટપટી હોય છે કે એમાં વ્યક્તિને પોતાના વિશે કે પોતાના ધ્યેય વિશે યોગ્ય રીતે વિચારવાનો સમય રહેતો નથી. અથવા તો એવું પણ કહી શકાય કે કશું નવું વિચારવા માટે એની પાસે સમય જ રહેતો નથી.જે માણસ પોતાની જિંદગી અને પોતાના સમયનો કઈ રીતે ઉપયોગ કરવો એ ના જાણી શકતો હોય એ જ્યારે અન્ય માટે ચિંતા કરે ત્યારે જરીક નવાઈ લાગતી હોય છે !?ઘણા લોકોની જિંદગીનો એકધારો પ્રવાહ ત્યારે જ સહય બને છે કે જ્યારે એ અન્યની વાતોમાં રસ લેતો થાય.એ? રીતે અન્યના જીવનમાં વિના કારણ ખણખોદ કરવાની માણસની જે ટેવ છે એ બહાર આવે છે.આને કુથલી કે? પારકી પંચાત કહેવાય.

માણસ જ્યારે અન્યની જિંદગીમાં ડોકિયું કરે છે ત્યારે આપોઆપ એ પોતે પોતે કોઈક સલાહકાર કે વડીલની ભૂમિકામાં આવી જાય છે ! આ ટેવ સામાન્ય રીતે દરેક માણસમાં જોવા મળતી હોય છે અને એ માનવ સ્વભાવ માટે સહજ પણ ગણી શકાય. પરંતુ આ બાબત જ્યારે માણસની રોજીંદી જિંદગીનો જિંદગીનો હિસ્સો બની જાય ત્યારે એ અન્ય માટે ત્રાસરુપ બની જાય છે આપણે સૌ જાણે જાણે આ વૃત્તિનો શિકાર બનતા રહીએ છીએ અને જગત કાજી બની બીજાની જિંદગીના લેખાંજોખાં કરતા રહીએ છીએ.આને પરપીડન પણ કહી? શકાય.

આજ સુધીની અનુભવે એવું જણાયું છે કે જ્યારે બે જણા ભેગા થાય ત્યારે તેની ચર્ચાનું લક્ષ્ય ચોક્કસપણે કોઈ ત્રીજી જ વ્યક્તિ એટલે કે ત્રાહિત વ્યક્તિ હોય છે.આવી વાતો થતી હોય ત્યારે એમાં પ્રમાણભાન પણ રહેતું નથી.ક્યારેક તો એમાં શૂરાતન પ્રગટતું હોય એવું પણ લાગે.આપણે એ ભૂલી જઈએ છીએ કે જ્યારે જે મુદ્દે આપણે અન્યનું મૂલ્યાંકન કરીએ છીએ એ જ બાબત માટે આપણે પોતે કેવું વર્તન કરતા હોઈએ છીએ ? આવું ભાગ્યે જ કોઈ જોતા હોય છે. કોઈક માણસની બોલવાની ઢબ કપડાની રીતભાત; એની આવડત; એનો ઉછેર એવી અનેક બાબતો ચર્ચાનો મુદ્દો બનતી હોય છે.પરંતુ એના બેકગ્રાઉન્ડમાં માણસની અન્યને જજ કરવાની વૃત્તિ પડેલી હોય છે. આના ઉપર કાબુ રાખવો એ જેવી તેવી વાત નથી.કેમકે આવા વાર્તાલાપોમાં જે રસ ટપકે છે એ ઘણાને માટે જીવનરસ બની જાય છે.અને એમની પોતાની જિંદગીની જે ઘરેડ છે એમાં આવી ચર્ચાઓ? ઓઇલિંગનુ નું કામ કરે છે આપણે જો અન્યની ડોક્યુ કરવાના બદલે પોતાની જિંદગી માટે વિચારતા થઈએ તો બંને પક્ષે ખૂબ જ માનવીય અભિગમ ઉભો થતો હોય છે

આ સાદી વાતનો સાર એટલો કે અન્યની બાબતોમાં ડોકિયું કરવાની વાત જો સમય પસાર કરવાની કસરત કે નિર્દોષ આનંદ મેળવવાની પ્રવૃત્તિ પૂરતી સીમિત હોય તો ઠીક છે પરંતુ આ ટેવ જો આપણી રોજીંદી જિંદગીનો હિસ્સો બની જાય તો એ અન્યને માટે જેટલી નુકસાનકારક સાબિત થાય છે એથી વધારે જે વ્યક્તિ આનો શિકાર બને છે એને માટે પણ એટલી જ ખરાબ સાબિત થાય છે આ ટેવ ઉચ્ચ માનવીય જીવન માટે ભારરૂપ બનતી જ હોય છે એ નિર્વિવાદ બાબત છે.

# "નવો દીસે આવેશ જીવનમાં,નવું જગત આ લાગે છે; ખરો ભક્ત તો નવા વર્ષમાં, નવું જીવન એ માગે છે"

"નવો દીસે આવેશ જીવનમાં,નવું જગત આ લાગે છે;
ખરો ભક્ત તો નવા વર્ષમાં, નવું જીવન એ માગે છે."
કવિ શ્રી નરસિંહરાવ દિવેટીયા એ ગાયું છે

"રજની જશે ને પ્રભાત ઉજળશે
ને સ્મિત કરશે પ્રેમાળ,
પ્રેમળ જ્યોતિ તારો દાખવી,
મુજ જીવન પંથ ઉજાળ..."

મનમાં રહેલું અજ્ઞાનનું આવરણ બાહ્ય અંધકારથી પણ વધુ ભયાનક હોય છે. ચર્મચક્ષુઓથી સૂરજનો પ્રકાશ કળાય, પણ અંતર ચક્ષુ ખુલે તો સઘળું સત્ય સમજાઇ જાય!! કવિ પ્રહલાદ પારેખ કહે છે કે,




'આજ અંધાર ખૂશ્બોભર્યો લાગતો...'

અંતર્ચક્ષુ ખૂલે તો અંધકારમાં ય સૌંદર્ય દેખાય...! દિવાળી અમાવસ્યાની કાજળઘેરી રાત્રિ છે. ગાઢ અંધકાર ભરેલી... પ્રકાશના પડછાયાની રાત્રિ છે અને આ રાત્રિ વીત્યા પછી નવા સૂર્યોદય સાથેના નૂતન વર્ષના પ્રભાતનો પ્રારંભ થાય છે.

કાળચક્રનું એક વિશેષ વર્ષ પૂરું થયું ને એક વિશેષ વર્ષ આરંભાયું... આપણે સૌએ ઉત્સવ મનાવી વધાવ્યું પણ ખરું... પરંતુ એથીયે આગળ વધીને આપણે ચિંતન પણ કરવું જોઈએ...

આત્મનિરીક્ષણ કરવું જોઈએ... વિતેલા વર્ષનો હિસાબકિતાબ કરી સરવૈયું કાઢી નફો-તોટો,ગુણદોષ ચકાસ્યા ખરા?! ક્ષતિઓ નિવારી વિશેષતાઓ વધારવા કંઈ વિચાર્યું ખરું?! રાગ-દ્વેષ, મતભેદ, મનભેદ, ઈર્ષ્યા, મદ, મત્સર દફનાવા કંઈ નક્કર વિચાર્યું ખરું?! ઘરેડબદ્ધ જીવાતા જીવનને નવા વર્ષે નવો આકાર આપવા કંઈ નિર્ણય લીધો ખરો?! ખરા અર્થમાં નૂતન વર્ષ સાચેસાચ નૂતન વર્ષ બની શકે ને તારીખિયામાં ન રહે બલ્કે જીવનમાં મૂર્તિમંત બને તો લેખે લાગે...

બેસતું વર્ષ તો યુગોથી માનવજાત ઉજવે છે પણ પુરાણું થયું નથી... નીરસ નથી બન્યું... આજે પણ અદકા આનંદથી સૌ મનાવે છે જ...

હમણાં એક સહૃદયી અધિકારી મિત્ર મળ્યા... કેટલીક અંતરંગ વાતો થઈ. તેમણે ત્રણ પ્રકારના કર્મચારીની વાત કરી... કેટલાક કર્મચારીને કામ સોંપો એટલે તરત કહેશે,"સોરી સર, આ કામ મને નહીં ફાવે. આપણે તો રહ્યા ફાઈલોના કીડા." તો કેટલાક એવા કે, કામ આપો ને તરત ગરીબડા થઈ કહેવા લાગે, "જોખમ વાળા ને ટેન્શન વધે એવાં કામ નહીં કરવાની ડોક્ટરે સલાહ આપી છે એટલે મને જવાબદારીમાંથી મુક્ત રાખો." જ્યારે ત્રીજા પ્રકારના કર્મચારી તો સાફ શબ્દોમાં જણાવે છે કે, "અમે સાથે રહીને જવાબદારી ઉઠાવીશું. સહિયારું કામ હોય તો હું અવશ્ય કરીશ... બાકી..."

દોસ્તો, નૂતન વર્ષે મારા મિત્રની વાતમાં તથ્ય સત્ય જણાયું... કૂદકેભૂસકે વધતી જતી વસ્તી અને વિવિધ સમસ્યાઓ સામે ઝઝૂમતો આ ભારત દેશ કર્તવ્યશીલ યુવાનો, જાગ્રત માબાપો, કર્મનિષ્ઠ કર્મચારીઓ, એક-નિયત નોકરીયાતો અને દેશભક્ત તંત્ર વાહકો ની તરસી આંખે વાટ જુએ છે. કોઈકે સાચે જ કહ્યું છે, "જે કામ માટે સેકન્ડ ફાળવવી જરૂરી હોય ત્યાં મિનિટ બગાડવી એ અપરાધ છે. જે કામ મિનિટમાં પતે તેવું હોય ત્યાં કલાક બગાડવો એ ગુનો છે. અને જે કામ કલાકમાં પતે તેવું હોય ત્યાં કલાકો અને દિવસ વેડફવો એ પાપ છે!"

હું સ્પષ્ટપણે માનું છું કે માણસ જેટલો પલાયન વાદી કે બચાવ પ્રયુક્તિ આદરતો રહે તેટલો માણસ તરીકેની તેની યોગ્યતાનો ગ્રાફ નીચે ગયેલો માનવો જોઈએ. આ ભારતભૂમિને ભવ્ય અને દિવ્ય બનાવી હશે તો પ્રજાજનો જવાબદારી ઉઠાવતાં શીખે અને એ પણ પવિત્રતા, નિષ્ઠા અને એક-




નિયતથી..! કોઈપણ ક્ષેત્ર હોય શિક્ષણ કે રમત ગમત... બોદો માણસ ન ચાલે. ચલાવી લેવો... નિભાવી લેવો... સહી લેવો... આવી સમાધાનકારી વૃત્તિ કે વલણ પ્રગતિનું ગતિરોધક બળ ગણાય... રાષ્ટ્ર ઉત્કર્ષ ની જેમ જ વ્યક્તિ ઉત્કર્ષ વિશે વિચારીએ તો પરસેવો પાડ્યા વગરનો રૂપિયો કઠવો જોઈએ... કામમાં ખૂંપ્યા કે ખપ્યા વગર મળતું પ્રમોશન કઠવું જોઈએ અને બહાનાબાજી, કામચોરી, રજાપ્રિય રહી દર વર્ષે મળતા ઇજાફા કઠવા જોઈએ... પણ આવું ક્યારેય વિચારમાંય આવે છે ખરું?!

મને ઘણીવાર એક વિચાર ઘૂંટાય કે સફળ થવું કે સજ્જન થવું. સફળ થવાના સેમીનારો યોજાય છે એમ સજ્જન થવા અંગેના માર્ગદર્શનની મારે મન ખૂબ જરૂર છે... માનવ સમાજમાં સજ્જનતાનો દુષ્કાળ એ મોટી વિટંબણા છે... નૂતન વર્ષે નૂતન ચિંતન કરીએ. દીવડો એ આત્મજ્યોતિનું પ્રતીક છે. જ્યોતિને ઓળખવા માટે પવિત્ર, પ્રેમમય, પ્રકાશમય જીવન જોઈએ. દીપાવલી એ ઝાકઝમાળ તો ખરી જ પણ સદ્વિચાર, સદ્ભાવ અને સત્કર્મ ભર્યું મંગલમય આચરણ કરવાનો નિર્ધાર કરીએ.

અંતમાં કવિ શ્રી સ્નેહરશ્મિના શબ્દો નૂતન વર્ષે મુબારક હો!

"ભૂત ભાવિ ના ગોફણ ગૂંથી,
રવિ-શશી ગોળો ફેંકી,
અગમ અલખનું નિશાન તાકી,
ચાલો જગ-તમ ફેડી!
વન વન આંકો નૂતન કેડી!"

**સ્પર્શમણિ**

"મનુષ્યનું આયુષ્ય વધ્યું છે પણ આયુષ્યમાંનું જીવન ઘટ્યું છે."
-જે.કૃષ્ણમૂર્તિ

હક્ક અને હિસ્સો લેવા માટે લોકો કબડ્ડી રમે છે અને જવાબદારીઓ માટે ખો-ખો રમે છે.

- rasikvaland1965@gmail.com
99134 26949

# બોલો, હિલ-સ્ટેશન પર જઈશું કે બીચ પર?

''થાકી ગઈ ભ'ઈસાબ હવે તો એકના એક રૂટિનથી! ક્યાંક તો ફરવા લઈ જાઓ! આ છોકરાંઓ પણ કંટાળી ગયાં છે ઘરમાં ને ઘરમાં!'' દર્શનાના શબ્દો મારા કાને અથડાયા પણ મેં સાંભળ્યું-ન-સાંભળ્યું કર્યું એટલે એ મારા કાન આગળ આવીને બોલી, ''તમને કહું છું! ફરવા જવાનું નામ પડે એટલે તમારા કાન સાંભળતા બંધ થઈ જાય છે!''

મેં કહ્યું, ''દર્શના, પણ તને અંદાજ છે આટલી મોંઘવારીમાં ફરવા જવું એટલે શું? કેટલો ખર્ચો થાય!'' એ કહે, ''આવું તો હું છેલ્લા છ વરસથી સાંભળું છું!'' મેં કહ્યું, ''પણ પ્રિયે, મોંઘવારી પણ છેલ્લા છ વરસથી વધી જ રહી છે ને!'' એ બોલી, ''તમે આવું પ્રિયે ને ફિયે બોલશો એટલે હું ફોસલાઈ જઈશ એમ માનો છો?''

ત્યાં ચિંકી અને પિન્ટુ આવ્યાં, ''હા પપ્પા, ચલો ને ક્યાંક જઈએ! અમારે પણ વેકેશન છે.'' મેં કહ્યું, ''ક્યાંક જઈએ એટલે અહીં ગાંધીનગરથી સાબરમતી સ્ટેશન જવાની વાત નથી! હિસાબ માંડીએ એટલે ખબર, ક્યાં જવાશે.''

દર્શનાએ સ્મિત કર્યું, ''તમને ખબર નથી પણ તમારી જાણ બહાર મેં થોડા પૈસા બચાવ્યા છે! એ ગણી લો પછી નક્કી કરીએ ક્યાં જવાશે.'' મેં થોડા ગુસ્સે થઈને કહ્યું, ''મારા જ પૈસા અને મને જ ખબર નથી કે મારી પાસે કેટલા છે! મારી જાણ બહાર હોય એવી કેટ-કેટલી પ્રવૃત્તિઓ અહીં થઈ રહી છે?'' ચિંકી થોડી મોટી થઈ ગઈ હોવાથી સમજદાર થઈ ગઈ હતી, ''પપ્પા, મુદ્દો એ નથી કે કઈ-કઈ પ્રવૃત્તિઓ અહીં ચાલી રહી છે! મુદ્દો એ છે કે આપણે ફરવા ક્યાં જવું છે.''

એટલામાં બા બહાર આવી. ''ક્યાં ફરવા જવાની વાત ચાલી રહી છે? અનિલ, છોકરાંઓ સાચું કહે છે. બધાં ક્યાંક જઈ આઈએ. જરા પગ છૂટો થાય તો મને પણ ગમે.'' દર્શના તરત બોલી, ''બાને તો મંદિરે જવામાં અને મામા-માસીઓને ફોન કરવામાં સમય જતો રહે પણ હું તો ક્યારેક કંટાળું ને!''

બા બગડી, ''તે હું બધાંને આખો દા'ડો ફોન જ કર-કર કરું છું? આ કપડાં સંકેલવાં ને શાક સમારવું ને એવું બધું કોણ કરે છે?'' દર્શનાનો જવાબ તૈયાર હતો, ''એવું બધું એટલે એ બે જ કામ જે તમે હમણાં ગણી બતાવ્યાં ને તે! બાકી બધું તો હું જ કરું છું ને!'' બા ય ગાંજી જાય એમ નહોતી, ''તે તમારી ઉંમરે અમે બધું કરતાં જ હતાં! એમાં કહી સંભળાવવાનું ના હોય!''

વાત વણસતી જોઈને મેં કહ્યું, ''તમે બંને પણ ક્યાં વાતને આડે પાટે ચડાવો છો? ક્યાં જવું છે એ નક્કી કરો.'' છોકરાંઓ રાજીના રેડ થઈ ગયાં. ''હં......પપ્પા, સાચી વાત કરી. બોલો, હિલ-સ્ટેશન પર જઈશું કે બીચ પર?''

બા બોલી, ''ભ'ઈ, આ ઉંમરે મને તો પહાડ ચઢવો ના ફાવે. આમે ય પહેલેથી જ મને ઊલટીની તાસીર છે. પાછું પહાડ ઉપર ઠંડી પણ બહુ લાગે. તું દરિયાકિનારે જ જવાનું રાખજે.'' મેં કહ્યું, ''ભલે બા. એવી જગ્યાઓ જોઈશ.''

દર્શનાએ મારા શબ્દો હવામાંથી જ ઝીલી લીધા, ''કેમ, શું કામ દરિયાકિનારે? બહુ વખતથી હિલ-સ્ટેશન પર નથી ગયાં. દરિયાકિનારે દરિયા સિવાય બીજું શું જોવાનું? હિલ-સ્ટેશન પર તો તાજી હવા, સૂર્યાસ્ત, ખીણો, ઝાડ-પાન.....'' મેં કહ્યું, ''બસ, બસ, હવે! હિલ-સ્ટેશનની વિશેષતાઓ હું પણ જાણું છું! ચિંકી, પિન્ટુ, ગૂગલ પર સારાં હિલ-સ્ટેશન્સ સર્ચ કરો.''

પણ એમાં તો બાને ખોટું લાગી ગયું, ''અનિલ્યા, તને ખબર તો છે કે મને જેવું-તેવું આચર-કૂચર ખાવાનું ફાવતું નથી. ને પહાડનું પાણી પચવામાં ભારે પડે. પાછું સાંજ પડતાં-પડતાં તો જલ્દી અંધારું થઈ જાય. મને સરખું દેખાય પણ નહીં. પણ તું તારી બૈરી કહે એમ જ કરે છે!'' મેં કહ્યું, ''બા, એવું કશું નથી. બધાં સર્વાનુમતે જે નિર્ણય લે તે મારે તો વધાવી લેવાનો.''

પણ દર્શના ''મૂડ''માં આવી ગઈ હતી, ''કોણ કહે છે બાને આચર-કૂચર ખાવાનું ભાવતું નથી? પિન્ટુ, તારી બર્થ-ડે હતી ત્યારે બા કેવાં બે હાથે પીઝા ખાતાં હતાં! તેં ફોટો ય પાડ્યો છે! ને 'ફેંટા'ની તો આખી બોટલ ગટગટાવી ગયાં હતાં!''

બા ઝંખવાઈ ગઈ, ''એ તો હવે ......બીજું કશું ખાવાનું જ ના હોય તો માણસ શું કરે? ને તીખું લાગે તો ફેંટા જ પીવે કે બીજું કંઈ?''

દર્શનાએ બીજું તીર તૈયાર રાખ્યું હતું, ''હા, હા, એ તો એમ જ કહેવાનું ને! અને સરખું દેખાય નહીં કહો છો પણ ટી.વી. તો સૌથી વધારે તમે જ જુઓ છો! એકે ય સિરિયલ છોડતાં નથી! મને તો ક્યારેક એમ થાય કે કઈ સિરિયલમાં કઈ વાર્તા આવે છે એ તમને યાદ કેવી રીતે રહે છે! બધાંમાં એકસરખી વાર્તા-




કચકચણી સાસુ, વારેવારે એકબીજાને લાફા મારવાના, લગન બહારના સંબંધો, ઘરમાં પણ ઝાકમઝોળ કપડાં ને ઘરેણાં પહેરવાનાં, આખો દા'ડો એકબીજાની વિરુધ્ધ કાવાદાવા કરવાના! આવી સિરિયલો જોઈ-જોઈને મગજ ના બગડે તો બીજું શું થાય!''

બા રૌદ્ર રૂપમાં આવી ગઈ, ''અનિલ્યા, તારી વહુને કહી દેજે મારી વાતમાં માથું ના મારે! મને ઠીક લાગે એમ હું કરીશ! મારું મગજ ગયું ને તો ટી.વી. બંધ રાખીને એનો કાળો પડદો જોયા કરીશ પણ ટી. વી. તો જોઈશ જ! આ તો હું જે કહું એની વિરુદ્ધ જવું એણે નક્કી કર્યું છે એટલે! હમણાં હું પહાડ પર જવાનું કહું ને તો એ દરિયે જવાની જિદ્દ પકડે!''

મારાથી કોઈને ય કશું ય કહેવાય એમ નહોતું! મેં ચિંકીને કહ્યું, ''હવે બોલ ને અહીં શું મુદ્દો છે તે! મારે શું, ફરવા જવું હોય તો કહેજો નહીં તો મારે તો ઘરમાં જ હિલ-સ્ટેશન ને દરિયાકિનારો છે!'' છોકરાંઓ ''ના...ના'' પોકારી ઊઠ્યાં.

પણ વાત હવે વટે ચડી ગઈ હતી. બા પહાડ પર ફરવા જવાની વાતમાં રાઈનો પહાડ બનાવી રહી હતી અને દર્શના દરિયાકિનારાની વાતમાં દરિયા જેટલી ખારાશ ઠાલવી રહી હતી! ''સેન્ડવિચ'' શબ્દનો અર્થ મને હવે સુપેરે સમજાઈ રહ્યો હતો! જો કે છોકરાંઓ આ ''મહાસંગ્રામ''ની મજા લઈ રહ્યાં હતાં!

એટલામાં મારા મોબાઈલ ફોનની રિંગ વાગી. સામે છેડે બેલા બોલી રહી હતી, ''હં...ભ'ઈ, કેમ છે તું? તને એક ન્યૂઝ આપવા ફોન કર્યો હતો. દસેક દિવસ પછી હું ફેમિલી સાથે ઈન્ડિયા આવું છું....વીસ દિવસ માટે....અચાનક જ બધું નક્કી થઈ ગયુંપપભાભીને ફોન આપ ને....એમને પૂછી લઉં એમને શું મંગાવવું છે અહીંથી....લિપસ્ટિક, પર્સ, નેલ-પોલિશ, કપડાં....અને છોકરાંઓને પણ પૂછી લેજે ....સાથે ક્યાંક ફરવા જવું હશે તો પણ જઈશું...બા જોડે પણ પછી શાંતિથી વાત કરી લઈશ.''

''મહાસંગ્રામ'' અચાનક આનંદના ''મહાસાગર''માં ફેરવાઈ ગયો! સૌ પોત-પોતાને મંગાવવાની વસ્તુઓની યાદી બનાવવામાં વ્યસ્ત થઈ ગયાં! હું ''ફૂલોંકા, તારોંકા, સબકા કહના હૈ....એક હઝારોંમેં મેરી બહેના હૈ'' ગાતો-ગાતો ઓફિસે જવા નીકળી ગયો!

# તમે છેલ્લે ક્યારે સાચે જ ખુશ થયા હતા?

અંતરનો ઉમળકો! આવો શબ્દ તમે ક્યારેક સાંભળ્યો હશે, વાંચ્યો તો જરૂર હશે પણ અનુભવ્યો છે ખરો? ચારે કોઠે દીવા થઈ જવા, આ પણ અંતરના ઉમળકાને મળતો આવતો શબ્દપ્રયોગ છે. શું થતું હશે જ્યારે ખરેખર આવું થાય અને એવું ક્યારે થતું હશે? આ તહેવારોની સિઝનમાં કે એ પહેલાં તમે આવી કોઈ લાગણી અનુભવી છે ખરી... એક એવી નાનકડી ખુશી જે બંધ આંખો નીચે બધું ઝળાહળા કરી જાય. હોઠ હસતાં હોય ને આંખો રડતી હોય. મનમાં કંઈ કેટલુંય કહી નાખવાનું ઘોડાપૂર આવે અને જીભ પરથી એકે શબ્દ ના ફૂટે આવું તમારી સાથે થયું છે?

એક છોકરી હતી. એણે બાળપણમાં ક્યાંક રાધાકૃષ્ણ વિશે વાંચેલું અને ત્યારથી જ એના મનમાં નક્કી કરેલું એક દિવસ હું પણ કોઈને એવો પ્રેમ કરીશ જેવો રાધાજીએ ભગવાન શ્રીકૃષ્ણને કરેલો. એ છોકરીએ હજી તો આટલો વિચાર માત્ર કર્યો અને એણે જે અદભૂત આનંદની લાગણી અનુભવી કે ના પૂછો વાત. આ વાત પછી એણે ઘરના બધાને કરી. બધાએ સાંભળ્યું અને અમુક સમજદાર માણસોએ કહ્યું કે આ દુનિયામાં રાધા એક જ છે, શ્રીકૃષ્ણ એક જ છે એમના જેવા બીજા માણસો પેદા થઈ શકતા હોત તો આજ સુધી કેટલાય આવી ગયા હોત. ભગવાનને ભગવાન માની એમની ભક્તિ કર એમાં પ્રેમી કે પ્રેમ શોધવાનું રહેવા દે.

એ છોકરીએ વડીલોની સલાહ સાંભળી ખરી પણ એને માનવાનું એનું મન ના થયું. એ જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ એના મનમાં રોપેલું પેલું પ્રેમનું નાનકડું બીજ છોડ મટી વૃક્ષમાં રૂપાંતર પામવા લાગ્યું. એ યુવાન વયે પહોંચી ત્યારે એની આસપાસ કેટલાય યુવાનો આંટાફેરા મારવા લાગેલા. એમાંના અમુક એ છોકરીને ગમ્યાય ખરા પણ મનમાં બેઠેલો કાનુડો એ બધાને રિજેક્ટ કરતો રહ્યો. જેવી એ છોકરી કોઈ છોકરા તરફ આકર્ષાતી તરત જ એના મનમાંથી કોઈ કહેતું કે આગળ વધવું રહેવા દે એ તારો સંગાથી નથી. એ એક પળ અને છોકરીનું બધું આકર્ષણ ઓશરી જતું.

છોકરીના લગ્ન લેવાનો વખત આવ્યો ત્યારે જ ખરી વિમાસણ ઊભી થઈ. એના મનમાં જે બેઠો હતો એના જેવો એકેય આ દુનિયામાં એને મળ્યો નહોતો. ગમ્મે તેની સાથે લગ્ન કેમ કરી લેવાય! એ છોકરીએ ફરી એના ઘરના વડીલોને કહ્યું કે એને જેનામાં ભગવાન શ્રીકૃષ્ણની ઝાંખી થશે એની સાથે જ એ લગ્ન કરશે. ઘરના બધા હવે ચિંતામાં આવી ગયા. છોકરી જે કહી રહી હતી એ બધા સમજતા હતા પણ એનો ઉકેલ એમની પાસે નહોતો.

એમણે કેટલાય તેજસ્વી યુવાનો શોધ્યા, શ્રીકૃષ્ણ ભગવાનના ભગત હોય એવા યુવાનો શોધ્યા અને એમની યુવતી સાથે મુલાકાત કરાવી. યુવતીએ ઘણો પ્રયત્ન કર્યો પણ એને એ એકેય યુવક ના ગમ્યો તે ના જ ગમ્યો!

હવે એ યુવતી પાસે બે રસ્તા હતા. એક તો એ કે જે સારો યુવક મળે એની સાથે લગ્ન કરી લેવા કે પછી આજીવન કુંવારા રહેવું. ઘરના બધાએ કહ્યું કે અમે તારા માટે સારા મુરતિયાની શોધ કરીશું તું એની સાથે પરણી તારો સંસાર ચાલું કરજે. પ્રેમ બ્રેમ તો બધું ઠીક છે હવે લગ્ન કરો એટલે સંસારની જવાબદારીઓ નિભાવતા નિભાવતા પતિપત્ની વચ્ચે પ્રેમ જેવું કશુંક આપોઆપ જ આવી જતું હોય છે એટલાથી ખુશ રહેતા શીખી જવાનું.

છોકરીના ગળે આ વાત બિલકુલ ના ઉતરી. જેની સાથે સાત જનમનો સંબંધ બાંધવાનો હોય એની જ સાથે પ્રેમ ના હોય તો સુખેથી કેમનું જીવી શકાય?

લાંબી વિચારણાને અંતે એ યુવતીએ આજીવન કુંવારી રહેવાનું નક્કી કર્યું. એણે સારું ભણતર લીધું, નોકરી મેળવી અને સમાજમાં શાંતિથી જીવવાના પ્રયત્નો ચાલુ કર્યા. આ બધા વચ્ચે એને ક્યારેક થતું કે એણે બાળપણમાં રાધાકૃષ્ણ વિશે વાંચીને એણે કોઈ ભૂલ કરી હતી? જો એ ભૂલ નહોતી તો એની સાથે આવું કેમ થયું? જે વ્યક્તિની એણે કલ્પના કરી હતી, ઈશ્વરની સાક્ષીએ જેને પોતાનો જનમો જનમનો સાથી માન્યો હતો એ હજી એને મળ્યો કેમ નથી. જો આ દુનિયામાં ખરેખર ક્યાંય ઈશ્વર છે અને એ એના મનની વાત સાંભળે છે તો એને પૂરી કેમ નથી કરી દેતા. આટલી મોટી દુનિયામાં, આટલા બધા માણસો વચ્ચે કોઈ એક એવો પુરુષ નથી જે એની કલ્પનાના પુરુષ સાથે ફીટ બેસે. જો એ ક્યાંય છે તો ભગવાન એને પોતાને મેળવી કેમ નથી આપતા અને જો એવો કોઈ યુવક આ દુનિયામાં છે જ નહીં તો એ એની કલ્પનામાં કેમ જીવે છે, ભગવાન એનો અંત કેમ નથી લાવી દેતા?




અડધી ઉંમર એમ જ વીતી ગઈ. હવે તો એણે ઈશ્વરને ફરિયાદ કરવાનું પણ છોડી દીધું હતું. યુવતીને એમ કે એના કોઈ ખરાબ કર્મોનું કડવું ફળ એ ભોગવી રહી છે અને એ ભોગવ્યે જ છૂટકો.

એક સવારે એના સપનામાં ભગવાન શ્રીકૃષ્ણ આવ્યા અને એને પોતાની સાથે લઈ જઈ દૂરથી એક યુવક દેખાડી કહ્યું, એ છે તારી કલ્પનાનો પુરુષ! એને માથે જવાબદારીઓ એટલી છે કે એમાંથી બહાર આવતા હજી વરસો વીતી હશે. જે દિવસે પ્રેમ એટલે શું એવો એક વિચાર એના મનમાં આવશે ત્યારે તમારા બંનેનું મિલન થશે.

એ યુવતી હજી કુંવારી બેઠી છે પણ હવે એ સહેજે દુઃખી નથી. એના બંધ પોપચાં હેઠળ અંધકાર નથી પણ એક અલૌકિક પ્રકાશ ત્યાં હંમેશા છવાયેલો રહે છે. એના પ્રેમી સાથેના મિલનની ક્ષણ માણવા માટે એ જીવનભર રાહ જોવા તૈયાર છે.

એ યુવતીના મનનો માનેલો એને મળી જાય ત્યારે એને જે ખુશી થશે એને જ કદાચ આત્માની ખુશી કહેવાતી હશે. ખેર, આતો થઈ એક વાર્તા જે વાંચવાની મજા આવે. આપણે રહ્યા સામાન્ય માણસો આટલું બધું વેઠ્યા બાદ થોડુક સુખ ભોગવવા મળે એ વાત જ આપણને હાસ્યાસ્પદ લાગે, ખરું?

આપણા માટે ચારે કોઠે દીવા થઈ જવા એટલે વહેલી સવારે એક કપ સરસ ચા મળી જવી, પરીક્ષાનું પેપર લખતી વેળા જે બે ચાર સવાલ સરસ રીતે તૈયાર કરીને ગયા હોઈએ એ જ પૂછાવા, પગાર ઉપરાંત થોડુંક બોનસ મળી જવું અને હજી થોડું આગળ કહું તો તમારા માથે આજે પણ તમારા માબાપનો હાથ ફરતો રહેવો, બાળકોનું આવીને ગળે વળગી જવું, બગીચામાં ગમતા ફૂલો ખીલી જવા અને ભારત પાકિસ્તાનની મેચ હોય ત્યારે ખૂબ રસાકસી બાદ ભારતનું જીતી જવું...

ટુંકમાં કહું તો દિલથી અનુભવાતી ખુશી મેળવવાનું એટલું અઘરુંય નથી પણ હા એવી અદભૂત ખુશી આવી મળે એ પહેલાં જે જે નાની નાની વાતે ખુશ રહેવાનું કારણ મળે એમાં ખુશ થતાં શીખી જવાનું ફરજિયાત છે.

**અમસ્તું,**

ખુશ રહેવાના હજાર કારણો છે જો એને માણતા આવડી જાય.

@Niyati Kapadia